तमसो मां ज्योतिर्गमय


શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત


# પંચોલી નવયુગ

નવેમ્બર - ડિસેમ્બર - જાન્યુઆરી - ફેબ્રુઆરી
૨૦૨૫-૨૬


વર્ષ : ૬૪ - સળંગ અંક નં. ૫૧૦



તંત્રીઃ શ્રી જયકુમાર એમ. પંચોલી
સહતંત્રીઃ શ્રી જીગર એન. મપારા

Pancholi Navyug Email ID. : jpancholi11052004@gmail.com

Email : infospssmm@gmail.com Website : www.pancholisamaj.org



માસિક કિંમત : રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

# અનુકરણિય



સ્વ. ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને
રૂા. ૫૦,૦૦૦/– શૈક્ષણિક સહાય વ્યાજ વપરાશ ફંડમાં
રૂા. ૫૦,૦૦૦/– મેડીકલ માં વ્યાજ વપરાશ ફંડમાં
લેસ્ટર યુ.કે. નિવાસી સ્વ. **ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી**
ના સ્મરણાર્થે મળ્યા છે..

**અર્પણકર્તા**
દિલીપભાઈ કેશવલાલ મિસ્ત્રી–લેસ્ટર
મહેશભાઈ કેશવલાલ મિસ્ત્રી–લેસ્ટર
કાશ્મીરાબેન કિશોરચંદ્ર મિસ્ત્રી–અમરોલી (સુરત)

---

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૫,૦૦૦/- વિધવા સહાય ફંડમાં ઝંખનાબેન મેહુલભાઈ પંચોલી ઓકસફોર્ડ-લંડન તરફથી મળ્યા છે..... દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર

**અમો આભારી છીએ...**
શ્રી ભરતભાઈ સી. પંચોલી-પ્રમુખ - શ્રી જયેશભાઈ સી. પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# અનુકરણિય



સ્વ. અ.સૌ. મંજુલાબેન રમણભાઈ પંચોલી

અંકલેશ્વર નિવાસી શ્રી રમણભાઈ હરકિશનદાસ પંચોલી અને તેમના પરિવારજનો તરફથી સ્વ. અ.સૌ. મંજુલાબેન રમણભાઈ પંચોલી નું અવસાન તા. ૦૭–૦૯–૨૦૨૫ ના રોજ થતા શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના સભ્ય પેટે મળતી વળતરની રકમ રૂા. ૩૦,૦૦૦/ (અંકે રૂા. ત્રીસહજાર પુરા)શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાયમાંમળ્યા છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાશ્રીનો અંતઃકરણથી આભાર વ્યકત કરે છે.

**આભારી છીએ.....**

શ્રી ભરતભાઈ સી. પંચોલી - પ્રમુખ
શ્રી જયેશભાઈ સી. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી મનિષભાઈ એમ. પંચોલી - અધ્યક્ષ
શ્રી અંકિતકુમાર એચ.પંચોલી-મંત્રી
શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

# પ્રમુખ નોંધ...


શ્રી ભરતકુમાર સી. પંચોલી

વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, ભાઈઓ, બહેનો તથા બાળકો,

આશા રાખું છું કે આપ સૌને દિવાળી અંક મળી ગયો હશે. તંત્રી શ્રી જયભાઇ તથા સહતંત્રી જીગરભાઈની મહેનતથી દિવાળી અ૦ક તૈયાર કરી મોકલ્યો. જે કોઇ જ્ઞાતિજનને નવયુગ ન મળી શક્યું હોય તેઓએ નવયુગ તંત્રી તથા સહતંત્રીનો સંપર્ક કરવા વિનંતી.

જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ એટલે ઠંડીનો આનંદ મેળવવાનો. હવે ધીમે ધીમે ગરમીની શરૂઆત થઇ રહી છે. સાથે પરીક્ષાની મોસમ પણ આવી ગઇ. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના બાળકોને પોતાની કારકિર્દીનું વર્ષ એટલે કે વર્ષ દરમિયાન કરેલ મહેનતની પરિક્ષા. સૌ બાળકોને મારી શુભેચ્છા.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને લેસ્ટર(યુ.કે.) ના સ્વ. ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી તરફથી રૂા. ૫૦,૦૦૦/- શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડ તથા રૂા. ૫૦,૦૦૦/- મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં આપવામાં આવ્યા. તે માટે તેમના પરિવારજનોનો સર્વે જ્ઞાતિજનો વતી આભાર વ્યક્ત કરૂ છું. દરેક એકમોમાં નાની-મોટી પ્રવૃત્તિઓ થતી રહે છે. એટલે મારી વિનંતી મહામંડળના જેની હેઠળ કોઇ પણ એકમ ક્રિકેટ સ્પર્ધા, યુવા સંમેલન તથા મહિલા સંમેલનનું આયોજન કરે એવી અપેક્ષા. એકમો ઘણા અધિવેશન થયેલ નથી તો તે માટે પણ વિચારણા કરે. કોઈપણ આયોજનનો હેતું સમાજ એકત્રિત થાય અને સંગત થી બને એ જ છે. અંતમાં ગરમી દિવસોમાં આપ સૌ કાળજી રાખશો.

લી. આપનો વિશ્વાસુ

**ભરત સી. પંચોલી**

જય પંચોલી સમાજ

# BIO DATA



**Mehul R. Pancholi**

**PERSONALE DETAILS :**

| | | |
|---|---|---|
| Name | : | Mehul Pancholi |
| Date of Birth | : | 5th August, 1989 (Saturday) |
| Time | : | 6.45am |
| Place of Birth | : | Surat |
| Height | : | 5' 6" |
| Education | : | B.E. Mechanical Engineer |
| Profession | : | Job |
| Address | : | 36, Shiv Shakti Society, Azad Nagar Road, Bhatar Tenament, Surat. |

**FAMILY DETAILS:**

| | | |
|---|---|---|
| Father Name | : | Rajendrabhai M. Pancholi |
| Mother Name | : | Pannaben Pancholi |
| Address | : | Surat |
| Sister | : | Nitika Ronakkumar Pancholi (Married) |

**CONTACT DETAILS**

99133 10192
76986 75889

## કવિતા દિવસ પર મારી કવિતા

હું ૬૧ અને હટ વચ્ચે ફસાઈ,
મને નથી સમજાતું ક્યાં જવાય.

આ એટ અને Eight વચ્ચે,
હું ઘણી મુશ્કેલીમાં મુકાય.

ઈશ્વર કરે તે બધું ભલાઈ,
Eight ને એ સમજણ અપાઈ.

તો પણ ના સમજે એટ ની Eight,
માટે ૬૧ મે હટ ઉતારી.

Eight ની એટ કાયમ રહી,
માટે ૬૧ ની હટ રિસાઈ.

ત્રિવેણી મુકુલ મિસ્ત્રી – અંધેરી વેસ્ટ ( મુંબઈ)

## Congratulations...



**Zinal Nilesh Mistry**

On the successful completion of her
**"Master's of Optometry"**
and earning **"Gold Medal"** from
**"Veer Narmad South Gujarat University (VNSGU)"**

- With Blessings of -

Nilesh S. Mistry
8200786059 / 9428541430 (Whatsapp)
Bina N. Mistry (9428541460)

# ૨૫મી પુણ્યતિથિ એ શ્રદ્ધાંજલિ



## સ્વ. જીતેન્દ્ર એચ. મિસ્ત્રી

જન્મ તારીખઃ ૧૬/૦૪/૧૯૫૫ ॥ સ્વ. તારીખઃ ૩૧/૧૨/૨૦૦૦

આજે અમારા પરિવાર માટે એક ભાવુક દિવસ છે. મારા પૂજ્ય પિતાશ્રીને સ્વર્ગે સિધાવ્યા આજે પૂરા ૨૫ વર્ષ થયા છે. સમય કદાચ વહી ગયો છે, પણ તેમની યાદો આજે પણ અમારા હૃદયમાં એટલી જ તાજી છે. અંતમાં, બસ એટલું જ કહીશ કે...

''પિતા નથી તો શું થયું, તેમનો આભાસ સાથે છે, અમે જે ડગલાં ભરીએ છીએ,
તેમાં તેમનો જ વિશ્વાસ સાથે છે.''

ઈશ્વર તેમના આત્માને સદાય શાંતિ આપે અને તેમના આશીર્વાદ આપણા સૌ પર કાયમ રહે એવી જ પ્રાર્થના.

**ૐ શાંતિ.**

## અર્પણકર્તા

ચંદ્રિકા જીતેન્દ્ર મિસ્ત્રી ॥ હિરેન જિતેન્દ્ર મિસ્ત્રી ॥ પિંકી હિરેન મિસ્ત્રી ॥ દેવ હિરેન મિસ્ત્રી

M: ૭૨૨૬૦ ૯૯૯૯૩, ૯૯૦૯૦ ૩૯૩૯૬

રાધે ઈલેક્ટ્રોનિક્સઃ- શોરૂમ નંબર ૧, બેલિસિમો-હબ, ગૌરવ પથ રોડ, પાલ, સુરત.

સરનામું :- ગ્રીન સિટી ગોલ્ડ, ફ્લેટ નંબર ૯૦૧, બિલ્ડિંગ નંબર ૨૬, એ-૩, પાલ ભટ્ટા રોડ, સુરત.

# નવયુગ શુભચિંતક



શ્રી કિશોરભાઈ
નારભાઈ મિસ્ત્રી
બીલીમોરા



સ્વ. કાળીદાસ
વનમાળીદાસ પંચોલી
લેસ્ટર



સ્વ. સાકેરલાલ
નાથુભાઈ પરચીગર
સુરત



શ્રી નવિનચંદ્ર
વિઠલદાસ પંચોલી
વ્યારા



સ્વ. રમાબેન
સોમાભાઈ મહેતા
વિલેપાર્લા



સ્વ. ભગવાનદાસ
મકનજી મિસ્ત્રી
બારડોલી



શ્રી ગોવિંદજી
ભગવાનજી મિસ્ત્રી
મુંબઈ



સ્વ. હરકિશનદાસ
ઝીણાભાઈ પંચોલી
વ્યારા



સ્વ. બાબુભાઈ
હરગવિંદદાસ પંચોલી
અંકલેશ્વર



શ્રી ચંદુભાઈ
હરગવિંદદાસ પંચોલી
અંકલેશ્વર



સ્વ. મંગુભાઈ
ભગવાનદાસ પંચોલી
સુરત



સ્વ. મણીબેન
મંગુભાઈ પંચોલી
સુરત



શ્રી અરવિંદભાઈ નારણભાઈ પંચોલી વ્યારા



શ્રીમતિ સરસ્વતીબેન અરવિંદભાઈ પંચોલી વ્યારા



ગં.સ્વ. વિણાબેન ભોગીલાલ મિસ્ત્રી નવસારી



સ્વ. પ્રવિણચંદ્ર આરીવાલા સુરત



સ્વ. શાંતાબેન નાથુભાઈ મિસ્ત્રી નવસારી



સ્વ. ચંપકલાલ નાગરદાસ રૂવાલા સુરત



સ્વ. ચંપકલાલ નાથાલાલ પંચોલી સંખેડા



સ્વ. પ્રવિણચંદ્ર ભીખુભાઈ પંચોલી વ્યારા



શ્રી શાંતિલાલ ઝીણાભાઈ પંચોલી નવસારી



શ્રી ચેતનભાઈ વિઠલદાસ પંચોલી ભરૂચ



શ્રીમતિ જ્યોતિબેન ચેતનભાઈ પંચોલી ભરૂચ



શ્રી હરિશભાઈ ડાહ્યાભાઈ પંચોલી વડોદરા



શ્રી શંકરલાલ અંબાલાલ પંચોલી પાવી જેતપુર

સ્વામીશ્રીજી

# મહિલા સંગઠન ૨૦૨૬



ગીતા બેન જે. ગાંધી
નયનાબેન એન. પંચોલી

વ્હાલી બહેનો,

પાછલા વર્ષ દરમ્યાન આપ તમામ બહેનો એ ખૂબ જ ઉત્સાહથી તમામ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. એવી જ રીતે આ વર્ષના પણ તમામ પ્રોજેક્ટ પૂર્ણ કરશો. એવી અપેક્ષા રાખીએ છીએ. ચાલુ વર્ષના પોજેક્ટ નીચે મુજબ છે.

(૧) જાન્યુઆરી : (અ)ઉત્તરાયણ નિમિત્તે હોમમેડ વિવિધ સિકડી સ્પર્ધા.
(બ) ઉત્તરાયણમાં દાનનો વિશિષ્ટ મહિના હોવાથી ગરીબો તથા ગૌશાળામાં જઇ અનાજ તથા ઘાસચારાનું દાન કરવું.

(૨) ફેબ્રુઆરી : (અ) શિયાળાને અનુરૂપ વિવિધ હેલ્થી વાનગી સ્પર્ધા (ઓનલાઇન કરી શકો છો.)
(બ) વેલેન્ટાઈન ડે ની ઉજવણી સાથે માતાઓને મંડળમાં બોલાવી તેમનું પૂજન વંદન કરી સન્માનવા.

(૩) માર્ચ : (અ) મહિલા દિન નિમિત્તે આધુનિકતાનું આગળું અનુકરણ ભારતીય સમાજ માટે કેટલું યોગ્ય સકારાત્મક તથા નકારાત્મક પાસાને આવરી લઇ ડિબેટ અથવા વકૃત્ત્વ સ્પર્ધા.
(બ) હોળી-ધુળેટી તથા રામનવમી ની ઉજવણી.

(૪) એપ્રિલ : (અ) ગાર્ડનમાં વિવિધ રમત-ગમત સ્પર્ધા.
(બ) ગાર્ડનમાં વિવિધ ઘરે બનાવેલ વ્યંજનો સાથે ડબ્બા પાર્ટી.

(૫) મે : (અ) ગરમીમાં ઠંડક આપે એવી વિવિધ ચાર વાનગી સ્પર્ધા (દાત. પાણીપુરી, ભેલ દહીંવડા વગેરે..)
(બ) બ્યૂટી અને હેલ્થ અંગે વિવિધ ટીપ્સ રજૂ કરવી.

(૬) જૂન : (અ) બોડી ચેકઅપ અથવા યોગા દિવસ નિમિત્તે એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરવું.
(બ) વડસાવિત્રી નિમિત્તે દુલ્હન સ્પર્ધા.

(૭) જુલાઈ : (અ) જયા પાર્વતી વ્રત નિમિત્તે પૂજાની થાળી શણગાર સ્પર્ધા.
(બ) ગુરૂપૂર્ણિમાં નિમિત્તે ગુરૂ શિષ્યના સંબંધ વિશે પોતાના પ્રતિભાવ રજૂ કરવા (દા.ત. ભગવાન શ્રીકૃષ્ણ સાંદિયની કૃષિ ભગવાન શ્રી રામ, વસિષ્ઠ ગુરૂ, ગુરૂદ્રોણ એકલવ્ય જેવા પ્રસંગો પર પોતાની રીતે છણાવટ કરવી.)

(૮) ઓગસ્ટ: (અ) શ્રાવણ માસ નિમિત્તે ભજન સ્પર્ધા.
(બ) સમૂહ પૂજા અથવા સાથે મળી મંદિરે દર્શન પૂજાનું આયોજન કરવું.

(૯) સપ્ટેમ્બર : (અ) જન્માષ્ટમી નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણ નો સંદેશ : નિબંધ સ્પર્ધા.
(બ) ગણેશોત્સવ અને માટલી ફોડી જન્માષ્ટમી ની ઉજવણી કરવી.

(૧૦) ઓક્ટોબર : (અ)નવરાત્રી નિમિત્તે વિવિધ સ્પર્ધા સાથે ગરબાનું આયોજન કરવું.
(બ) શ્રાદ્ધ પર્વ નિમિત્તે વૃદ્ધાશ્રમમાં જઇ વડીલો ને દુધપાક પૂરી જમાડી તેમની સાથે સમય

YEAR : 2026

# તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા.

## નવેમ્બર અહેવાલ

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા માહે નવેમ્બર–૨૦૨૫ ના માસની મિટીંગ તા. ૦૩–૧૧–૨૦૨૫ ને સોમવારના રોજ પ્રજ્ઞાબેન બી. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩.૦૦ કલાકે રાખવામાં આવી. પ્રજ્ઞાબેને સૌ બહેનોનું સ્વાગત કર્યુ.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સમાજમાં દિવગંત પામેલા આત્માઓની શાંતિ માટે શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

નવેમ્બર માસમાં આપેલા પ્રોજેક્ટ અનુસાર પ્રિય અભિનય સ્પર્ધા રાખવામાં આવી. બહેનોએ વિવિધ અભિનય રજૂ કર્યા. સાસુમાં, દિકરી, ગરીબ (ભિખારી) અભિનય રજુ કર્યા.

ત્યારબાદ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની ટીપ્સ રજૂ કરી. જેમાં પ્લાસ્ટીકની બોટલમાંથી મોર, અનાજના દાણામાંથી ગાંધીજી, કાગળમાંથી પેન સ્ટેન્ડ, સીડીઓ માંથી ગણપતિ, કોડિયામાંથી દિવો વગેરે રજૂ કર્યા. પ્રજ્ઞાબેને પૂંઠામાંથી સેટ, બુટ્ટી રજૂ કર્યા.

પ્રજ્ઞાબેને એક મિનિટની ગેમ રમાડી સમુહમાં હાઉસીની રમત રમ્યા.

એક પાત્રીય અભિનયમાં પ્રથમ વિજેતા આનંદીબેન, દ્વિતીય વિજેતા જોસનાબેન અને તૃતિય વિજેતા જ્યોતિબેન એસ. થયા. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમાં પ્રથમ વિજેતા લીનાબેન, દ્વિતીય વિજેતા પ્રિતીબેન પંચોલી તથા તૃતિય વિજેતા પ્રિતીબેન મપારા થયા. વિજેતા બહેનોને સૌ બહેનોને સુંદર મજાની બુટ્ટીઓ આપી બધાએ પ્રજ્ઞાબેનનો આભાર વ્યક્ત કર્યો.

અંતમાં પાઉભાજી, જલેબીનો ગરમા ગરમ ચટાકેદાર નાસ્તો કર્યો. હર્ષાબેન સૌ બહેનો વતી પ્રજ્ઞાબેન તથા તેમના પરિવારનો આભાર વ્યક્ત કર્યો.

આગામી મિટિંગ હર્ષાબેનને ત્યાં રાખવામાં આવી છે તેની સૌને જાણ કરવામાં આવી.

## ડિસેમ્બર અહેવાલ

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા માહે ડિસેમ્બર–૨૦૨૫ ના માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૦૨–૧૨–૨૦૨૫ને મંગળવારના રોજ શ્રીમતિ હર્ષાબેન જે. પંચોલીના નિવાસસ્થાને બપોરના ૩.૦૦ કલાકે રાખવામાં આવી હતી. કારોબારીની તમામ બહેનોએ હાજરી આપી હતી. હર્ષાબેને સૌ બહેનોનું સ્વાગત કરી આવકાર્યા હતા.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. જેમાં હર્ષાબેનના દિકરાના દિકરાએ સુંદર પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સમાજમાં દિવગંત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

ડિસેમ્બર–૨૦૨૫ ના માસમાં આપેલા પ્રોજેક્ટ અનુસાર લગ્ન ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. બધી બહેનોએ ગણેશ સ્થાપ્ના, માંડવા મુહર્ત, પીઠી, જાન વગેરે વિધિના લગ્ન ગીતો ગાયા હતા. જેમાં પ્રથમ શીલાબેન, દ્વિતીય પ્રજ્ઞાબેન અને તૃતિય આનંદીબેન થયા હતા.

હર્ષાબેને ગેમ–૧ અને ગેમ–૨ રમાડી હતી. ગેમ–૧ માં પ્રથમ વિજેતા આનંદીબેન, દ્વિતીય વિજેતા નિકુંજબેન તથા તૃતિય વિજેતા જ્યોત્સનાબેન થયા હતા. ગેમ–૨ માં પ્રથમ વિજેતા નિતાબેન, દ્વિતીય વિજેતા પ્રિતીબેન મપારા તથા તૃતિય વિજેતા પ્રિતીબેન પંચોલી થયા હતા. હર્ષાબેન વિજેતા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા.

હર્ષાબેને તેમની બર્થડે નિમિત્તે સૌ બહેનોને ચોક્લેટ આપી મોઢુ મીઠુ કરાવ્યુ હતું. ત્યારબાદ હાઉસીની રમત રમાડી હતી.

અંતમાં હર્ષાબેન સૌ બહેનોને સ્વાદિષ્ટ ચટાકેદાર કચોરી તેમજ ભેલનો નાસ્તો કરાવ્યો હતો. સૌ બહેનોવતી નિકુંજબેને હર્ષાબેન તથા તેમની દિકરી તેજલ તથા ભવ્ય અને જયરાજભાઇનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

આગામી મિટિંગ નિકુંજબેનને ત્યાં રાખવમાં આવી છે તેની જાણ કરવામાં આવી.

***

# તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા.

## જાન્યુઆરી અહેવાલ

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા, માહે જાન્યુઆરી–૨૦૨૬ ના માસની મિટિંગ શ્રીમતી નિકુંજબેન આર. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩:૦૦ કલાકે તા. ૧૨–૧–૨૬ ને સોમવારના રોજ રાખવામાં આવી. બધી બહેનો સમયસર હાજર રહી હતી. નિકુંજબેને સૌ બહેનોનું નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થના મહાદેવની સ્તુતિ બોલી કરવામાં આવી. ત્યારબાદ સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. જાન્યુઆરી માસમાં આપેલા પ્રોજેક્ટ અનુસાર ઉત્તરાયણ નિમિત્તે હોમમેડ વિવિધ ચીક્કી ની સ્પર્ધા રાખવામાં આવી હતી. બધી જ બહેનો પોતાના ઘરેથી વિવિધ આકાર, સ્વાદ સજાવટ કરી ચીક્કી બનાવી લાવી હતી. હોમમેડ ચીક્કી સ્પર્ધામાં પ્રથમ વિજેતા પ્રજ્ઞાબેન, દ્વિતીય વિજેતા આનંદીબેન અને તૃતીય વિજેતા નિમાબેન થયા હતા. ત્યારબાદ ઉત્તરાયણ નિમિત્તે દાનનો મહિમા તેમજ ગૌશાળામાં જઈ ઘાસચારો ખવડાવવાના પ્રોજેક્ટ ઓનલાઈન કર્યા હતા. બધી બહેનો પોતાના વિસ્તારમાં જઈ ગાયને ઘાસચારો તેમજ બ્રાહ્મણને દાન, ગરીબોને દાન આપતા ફોટા પાડી રજૂ કર્યા હતા.

ત્યારબાદ નિકુંજબેને ગેમ–૧ અને ગેમ–૨ રમાડી હતી. ગેમ–૧ માં પ્રથમ વિજેતા ભુરીબેન, દ્વિતીય વિજેતા સપનાબેન, તૃતીય વિજેતા જ્યોતિબેન એસ. થયા હતા. ગેમ–૨ માં પ્રથમ વિજેતા પ્રીતિબેન, દ્વિતીય વિજેતા જ્યોત્સનાબેન, તૃતીય વિજેતા પ્રીતિબેન મપારા થયા હતા.

વિવિધ ચીક્કી તેમજ ગેમ–૧ અને ગેમ–૨ ના વિજેતા બહેનોને નિકુંજબેને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.નિકુંજબેને હાઉસી ની રમત રમાડી હતી.

અંતમાં નિકુંજબેને સૌ બહેનોને ગરમાગરમ સ્વાદિષ્ટ વડા સંભાર, મેદુવડા, ઇડલી મસાલાનો નાસ્તો કરાવ્યો. ખૂબ જ મજા આવી. સૌ બહેનો વતી નિતાબેને નિકુંજબેન તેમજ તેમના પરિવારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. આગામી મિટિંગ નિતાબેન એસ. પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી છે તેની જાણ કરવામાં આવી.

સુરેખાબેન પંચોલીના સ્મર્ણાથે શ્રી ભરતભાઇ પંચોલી તરફથી તેજસ્વી મહિલા મંડળને રૂા. ૨૦૦૦/– દાન.

## ફેબ્રુઆરી અહેવાલ

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા, માહે ફેબ્રુઆરી–૨૦૨૬ ના માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૨૮–૨–૨૦૨૬ ને શનિવારના રોજ નિતાબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩:૩૦ થી રાખવામાં આવી. જેમાં કારોબારીની તમામ બહેનો હાજર રહી હતી. નિતાબેને સૌ બહેનોને વેલેન્ટાઇન ડે નિમિત્તે ગુલાબનું ફૂલ અને લાલ કલરના ફુગ્ગા આપી સ્વાગત કર્યું હતું.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થના દત્તબાવની બોલી કરવામાં આવી. ત્યારબાદ સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

ફેબ્રુઆરી માસમાં આપેલ સ્પર્ધા–પ્રોજેક્ટ અનુસાર શિયાળાને અનુરૂપ વિવિધ હેલ્ધી વાનગી સ્પર્ધા ઓનલાઇન રાખવામાં આવી. બધી બહેનોએ ખજૂરપાક, મેથીના લાડુ, ખજૂર લોલીપોપ, અડદિયા પાક જેવી વાનગી બનાવી ફોટા પાડી રજૂ કર્યા હતા.

ત્યારબાદ વેલેન્ટાઇન ડે ની ઉજવણી નિમિત્તે માતા–પિતાના ફોટા તેમજ તેમનું પૂજન કરતા ફોટા પાડી રજૂ કર્યા હતા. હોળી–ધૂળેટીની ઉજવણીમાં ગુલાલ લગાડી ધાણી–ચણા–ખજૂર ખાધા. ત્યારબાદ નિતાબેને ગેમ–૧ અને ગેમ–૨ ની રમત રમાડી હતી, જે ખૂબ જ રસાકસી અને રમુજી હતી. ગેમ રમવાની બહુ જ મજા આવી, ત્યારબાદ હાઉસી ની રમત રમાડી. શિયાળાને અનુરૂપ હેલ્ધી વાનગી સ્પર્ધામાં પ્રથમ વિજેતા પ્રીતિબેન મપાર, દ્વિતીય વિજેતા આનંદીબેન, તૃતીય વિજેતા લીનાબેન થયા હતા. ગેમ–૧ માં પ્રથમ વિજેતા પુષ્પાબેન, દ્વિતીય વિજેતા હર્ષાબેન, તૃતીય વિજેતા જ્યોતિબેન થયા હતા. ગેમ–૨ માં પ્રથમ વિજેતા જ્યોત્સનાબેન, દ્વિતીય વિજેતા ભુરીબેન, તૃતીય વિજેતા શીલાબેન થયા હતા. વિજેતા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

અંતમાં નિતાબેન તરફથી ગરમાગરમ ચટાકેદાર પાપડીના લોટનો નાસ્તો કરાવ્યો હતો સાથે ચટણીનો સ્વાદ માણ્યો હતો.

નિતાબેન તરફથી સુંદર આયોજન, વ્યવસ્થા તેમજ સ્વાદિષ્ટ નાસ્તો કરાવવા બદલ ભૂરીબેને સૌ બહેનોવતી આભાર વ્યક્ત કર્યો હતો.

આગામી મિટિંગ ભૂરીબેન એ. પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી છે તેની જાણ કરવામાં આવી.

# અંકલેશ્વર મહિલા મંડળ

## સપ્ટેમ્બર અહેવાલ

તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ અંકલેશ્વર મહિલા મંડળની મિટીંગ મીરાબેન મિસ્ત્રીના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. ત્યારબાદ ગત મિટીંગનો અહેવાલ મંત્રી ખુશ્બુબેન મિસ્ત્રી એ વાંચીને મિટીંગની શરૂઆત કરી. ખજાન્ચી જાગૃતિબેન પંચોલી બર્થ ડે ની ઉજવણી કરી. મહિલાઓને બર્થ ડે ની ભેટ આપી. પ્રોજેક્ટ ૧ અનુસાર નવરાત્રી નિમિત્તે વિવિધ એક્શન અને ફેન્સી સ્પર્ધા યોજવામાં આવી. તેમા બેસ્ટ એક્શન, બેસ્ટ ડ્રેસીંગ, બેસ્ટ મેચીંગ તથા ઘણી સરપ્રાઈઝ સ્પર્ધા રાખવામાં આવી.

આ સ્પર્ધામાં યુવાન તથા મોટી ઉંમરની બધી જ મહિલાઓઓ ભાગ લીધો હતો. મોટી ઉંમરમાં પહેલો બેસ્ટ ડ્રેસ માં દક્ષાબેન મિસ્ત્રી અને બીજો દેવ્યાનીબેન નો નંબર આવ્યો. બંને વિજેતાને સાડી પીન આપવામાં આવી. તથા મોટી ઉંમરમાં બેસ્ટ એક્શનમાં પહેલો કલ્પનાબેન પંચોલી તથા બીજો રેખાબેન પંચોલી નો નંબર આવ્યો. વિજેતાઓને પર્સ આપવામાં આવ્યા. તથા નાની ઉંમરમાં પહેલો બેસ્ટ ડ્રેસમાં ભાવનાબેન મિસ્ત્રીનો તથા બીજો સોનલબેન પંચોલી નો નંબર આવ્યો હતો. વિજેતાને ગળાનો સેટ આપવામાં આવ્યો હતો અને બેસ્ટ એક્શનમાં પહેલો જાગૃતિબેન ગોપાલભાઈ પંચોલી અને હેતલબેન મિસ્ત્રીનો નંબર આવ્યો. બંને વિજેતાઓને હેર એસેસરીઝ આપવામાં આવી. વડીલો માટેની એક ખાસ સ્પર્ધા યોજવામાં આવી, તેમાં પોતે જાતે ગરબા ગાઈ અને ગરબા સાથે કરે તેવી સ્પર્ધા સૌ વડીલો એ કરી. તેમાં દક્ષાબેન મિસ્ત્રી નો નંબર આવ્યો. દક્ષાબેને માથા પર માટલી મુકી ગરબો ગાયો. તેમાં તેમને સરપ્રાઈઝ ગીફ્ટ માં હેરપીન આપવામાં આવી. સૌ બહેનોએ ખુબ જ આનંદથી ગરબાની રમઝટ માણી.

## એક્સ્ટ્રા પ્રોજેક્ટ-૧

મિટીંગમાં આવનાર બહેનોને મહિલા મંડળ તરફથી દીવડાના પેકેટ આપવામાં આવ્યો. સૌ બહેનોને છ દીવાનો સેટ આપ્યો (લાણીમાં) આ દીવા ખાસ મંદબુદ્ધિની શાળાના બાળકો દ્વારા બનાવવામાં આવ્યા હતા. મંડળે દીવડા ખરીદી બાળકોને મદદરૂપ થાય તે હેતુથી ખરીદવામાં આવ્યા હતા. સૌ બહેનો ખૂબ જ રાજી થયા.

## એક્સ્ટ્રા પ્રોજેક્ટ-૨

નવરાત્રીમાં કુંવારી કન્યાના પૂજનનું મહત્ત્વ હોવાથી દરેક બાલીકાઓનું પગ ધોઈ, કપાળ પર તિલક તથા હાથ પગમાં તિલક કરી પૂજન કરવામાં આવ્યું. સૌ બાલિકાઓને ગીફ્ટ આપવામાં આવી. મીરાબેન, નીપાબેન તથા ખુશ્બુબેન તરફથી હેરબો તથા હેર બો આપવામાં આવ્યા, હેતલબેન તરફથી હેર એસેસરીઝ આપવામાં આવી, રેખાબેન તરફથી બ્રેસ્લેટ તથા પીન આપવામાં આવી તથા સોનલબેન તરફથી ડાંડિયા આપવામાં આવી.

તથા આવતા મહિનાની મિટીંગ નક્કી કરી રેખાબેન ના નિવાસસ્થાને રાખવામાં આવશે તેમ નક્કી કર્યુ. ત્યારબાદ નાસ્તા અને આઈસ્ક્રીમ ને ન્યાય આપી છૂટા પડયા.

## ઓક્ટોબર નવેમ્બર

તારીખ ૧૪-૧૧-૨૦૨૫ ના રોજ મહિલા મંડળ ની મિટિંગ હિરલબેન દિપેશભાઈ ના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. મિટિંગ ની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી. ત્યારબાદ નક્કી કરેલ મુજબ ૫ મિનિટ યોગા કરી મિટિંગ ની શરૂઆત કરી. ત્યારબાદ ગત મિટિંગ નો અહેવાલ મંત્રી ખુશબુબેન મિસ્ત્રી એ વાંચી મિટિંગ આગળ વધારી. જાગૃતિબેન સંજયભાઈ પંચોલી એ બર્થડે ની ઉજવણી કરી, મહિલાઓને બર્થડેની ભેટ આપી.

ત્યારબાદ ઓક્ટોબર તથા નવેમ્બર મહિના ના પ્રોજેક્ટ સાથે કરવામાં આવ્યા તેમાં, પ્રોજેક્ટ -૧ ગાંધી જયંતી અને સરદાર વલ્લભભાઈ પટેલ ની જયંતી નિમિતે સ્પર્ધા રાખવામાં આવી હતી. નિબંધ સ્પર્ધા માં સૌ બહેનો એ ભાગ લીધો અને સૌ બહેનોને કાગળ પેન આપી નિબંધ લખ્યો.

પ્રોજેક્ટ - ૨ દિવાળી નિમિતે ઘેર ઘેર દિવાળી ઉજવણી કરવામાં આવી. વિવિધ દીવડા, રંગોળી તથા લાઈટીંગ થી દિવાળીમાં ઘર ને સજાવવામાં આવ્યું. સૌ બહેનો એ પોતાના પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી. સૌ બહેનોએ ઓનલાઇન ફોટા મૂકી દેવદિવાળી અને દિવાળી ની ઉજવણી કરી, આનંદ માણ્યો. ઓનલાઇન ફોટા મુકનાર બહેનોને ૩

કાચ ની નાની ચલણી નો સેટ ગીફ્ટમાં આપવામાં આવ્યો. સૌ બહેનો ખુબ જ રાજી થયા. સૌ બહેનોને કોન્સોલેશન પ્રાઈસ આપવામાં આવ્યા.

**પ્રોજેક્ટ – ૩**

ત્યારબાદ પ્રોજેક્ટ અનુસાર શીઘ્ર વક્તૃત્વ, શીઘ્ર વર્તન તથા એક પાત્રીય અભિનય ની સ્પર્ધા રાખવામાં આવી હતી. સૌ બહેનોએ ખુબ જ હોશ થી ભાગ લીધો હતો. સૌ બહેનોને એક ચિઠ્ઠી ઉપાડી, તેમાં જે વિષય આયો હોય તેના વિષે બોલવાનું તથા એકટિંગ કરવાની, તે પ્રોજેક્ટ માં પણ બધી જ મહિલાઓએ ભાગ લઈ આનંદ માણ્યો.

**પ્રોજેક્ટ – ૪**

બધી મહિલાઓએ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની ટિપ્સ રજુ કરી. સૌ બહેનો ઘરેથી વેસ્ટમાંથી બેસ્ટ ની અમુક વસ્તુઓ લઈ આવેલા અને બતાવી કે ઘરમાં પડેલા પેપરમાંથી પેપરબેગ્સ, પેપરડિશમાંથી વોલ કલોક, પથ્થર માં પેઈન્ટિંગ, જુના દીવડાને કલર કરી ડેકોરેશન કર્યું, બોટલ કાચની જે ફેંકી દેવાની હોય તેમાંથી ફ્લાવર વાસ, પેન સ્ટેન્ડ વગેરે ઘણી બધી આઈટમની રજુઆત કરી.

**પ્રોજેક્ટ – ૫**

ત્યારબાદ પ્રોજેક્ટ અનુસાર ઘરમાં સ્વચ્છતા માટેની ટિપ્સ રજુ કરી. સૌ બહેનોએ કિચન, ડ્રોઈંગ રૂમ પોતાના ગાર્ડન ની સ્વચ્છતા પાર્કિંગ એરિયા, દરેકના રૂમમાં અલગ અલગ ડસ્ટબીન મુકવા, તેવી ઘણી બધી ટિપ્સ સૌ બહેનોએ રજુ કરી.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ**

–એક્સ્ટ્રા પ્રોજેક્ટ–૧ માં ૧૪ મી નવેમ્બર માં મજુર કામદાર ના ગરીબ છોકરાઓની સ્કૂલ (નિર્માણ બાલ મંદિર) માં બધા છોકરાઓને ગરમ નાસ્તો, ચોકલેટ, કેક, બિસ્કિટ, ચોક કલર ના બોક્સ. પેન્સિલ, રબર, સંચો, ફૂટપટ્ટી નો સેટ વગેરે આપવામાં આવ્યું. બાળકો સાથે વાતચીત કરી અને બાળકો સાથે રમ્યા અને ખુબ જ સરસ સમય પસાર કર્યો.

–એક્સ્ટ્રા પ્રોજેક્ટ–૨ માં મહિલા મંડળ ની સૌ બહેનો મળીને નજીકમાં આવેલ ધાર્મિક સ્થળ શિપ્રા ગણપતિ મંદિર જઈ પ્રવાસનું આયોજન કર્યું. સૌ વડીલો, મહિલાઓ એ પ્રવાસ નું સુખ માણ્યું. ખુબ જ સરસ દર્શન કરી આનંદ માણ્યો.

ત્યારબાદ આવતા મહિનાની મિટિંગ કલ્પનાબેન ના ઘરે નક્કી કરી, નાસ્તા અને શરબત ને ન્યાય આપી છૂટા પડ્યા.


## આશુતોષ રેફ્રિજરેશન એન્ડ ઈલે.

**પ્રો. નિલેશ એન. કાપડીયા**

**ફ્રિઝ, એ.સી. વોશીંગ મશીન રીપેરીંગ એ.સી સર્વિસ કોન્ટ્રાક્ટર**

દુ. નં– ૫ ચાણક્ય એપાર્ટમેન્ટ, દેસાઈશેરીના નાકા, સેન્ટર પોઈન્ટની ગલીમાં, સગરામપુરા, સુરત – ૩૯૫૦૦૨



Daxaykumar N. Kapdia
**B.Com Sutex Bank Job**
Birth Date 03/04/2000
M. +91 93759 85245



Vanshika N. Kapdia
**B.Com**
Birth Date 30/07/2005
M. +91 93777 73045

**સ્વ. નટવરલાલ રતિલાલ કાપડીયા**
**શ્રી નિલેશ નટવરલાલ કાપડીયા**
**૯૮૨૫૫ ૭૩૦૪૫/૭૯૯૦૦ ૭૭૮૫૧**

**સ્વ. જશુબેન નટવરલાલ કાપડીયા**
**શ્રીમતિ સીમા નિલેશ કાપડીયા**
**૯૩૭૬૫ ૧૧૧૪૫**

**રહેઠાણઃ ૨/૪૫૪૯, સગરામપુરા મેઈનરોડ, સુરત.**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

## સામાન્ય સભાની મિનિટ્સ

તા– ૧૪/૦૯/૨૦૨૫ ના રોજ અંક્લેશ્વર મુકામે રોટરી યુ પી એલ હોલ ખાતે શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાની સામાન્ય સભા સવારે ૯:૪૫ કલાકે મળી, વિવિધ એકમોમાથી આવેલ સભ્યોને પ્રમુખશ્રી મનિષભાઇ એમ પંચોલીએ આવકાર્યા અને ત્યાર બાદ એજન્ડા પ્રમાણેની કામગીરી શરૂ કરી.

## ૧. મીટિંગ કોલબાય ઓર્ડર

પ્રમુખશ્રી મનિષભાઇ એમ પંચોલીએ મહામંડળના પ્રમુખશ્રી ભરતભાઇ, મંત્રીશ્રી જયેશભાઇ, ઉપપ્રમુખશ્રી નીશીકાંતભાઇ, ખજાનચી શ્રી દિવ્યેશભાઇ તથા અંક્લેશ્વર એકમના પ્રમુખશ્રી ને આવકાર્યા અને સામાન્ય સભાની શરૂઆત કરી.

## ૨. દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી આપવા બાબત

પ્રમુખશ્રી મનિષભાઇ એમ પંચોલીએ ગત વર્ષમા અવસાન પામેલ સભ્યોને યાદ કરી સભાને ૨ મિનિટનુ મૌન પાળી શ્રધાંજલી આપવા રજુઆત કરતા સભાએ ૨ મિનિટનુ મૌન પાળી દિવંગત સભ્યોની આત્માની શાંતિ અર્થે શ્રધાંજલી અર્પણ કરી.

## ૩. ગત સામાન્ય સભાની મિનિટ્સ ને મંજુરી આપવા બાબત

ગત સામાન્ય સભાની મિનિટ્સનુ વાંચન ઉપપ્રમુખશ્રી રાજેશભાઇ ગાંધી દ્વારા આજરોજ સભા સમક્ષ કરવામા આવ્યુ જે બરાબર હોય જેને સભાએ સર્વાનુમતે મંજુરી આપી.

## ૪. શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના સને ૨૦૨૪-૨૫ ના ઓડિટ થયેલા હિસાબોને રજુ થવા બાબત.

શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના સને ૨૦૨૪–૨૫ ના ઓડિટ થયેલા હિસાબો મંત્રીશ્રી અંકિતભાઇ દ્વારા આજની સામાન્ય સભામા સભ્યો સમક્ષ રજુ કરવામા આવ્યા જેમા આવક–જાવક ના હિસાબો અને ૩૧–૦૩–૨૫ ના રોજનુ પાકુ સરવૈયુ સભા સમક્ષ રજુ કરવામા આવ્યુ. આજની સભાએ ચર્ચા–વિચારણા કરતા ઓડિટ થયેલા હિસાબોને સર્વાનુમતે મંજુરી આપવામા આવી.

## ૫. પ્રમુખપદે થી રજુ થતા કાર્ય

પ્રમુખશ્રી મનિષભાઇ એમ પંચોલીએ આજની આ સામાન્ય સભાનુ આયોજન કરવા બદલ અંક્લેશ્વર એકમના પ્રમુખશ્રી અને તેમની ટીમના સભ્યોની કામગીરીને બિરદાવી અને તેમનો સૌનો આભાર માન્યો સાથે સાથે એક ઉદાહરણરૂપ ઘટના બની છે તેની જાણ સભાને કરી શ્રી રમણભાઇ હરકિશનભાઇ પંચોલી ના પત્ની મંજુલાબેન રમણભાઇ પંચોલીનુ અવસાન થતા સમાજ સુરક્ષાના વળતરના ૩૦,૦૦૦ રૂપિયા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાય પેટે આપી એક પ્રેરણા રૂપ કાર્ય કર્યુ છે જે બાબતે તેમનો આભાર વ્યક્ત કર્યો.

## ૬. વોટ ઓફ થેંક્સ..

પ્રમુખશ્રી મનિષભાઇ એમ પંચોલી દ્વારા શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાની સામાન્ય સભા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા સાથે અંક્લેશ્વર મુકામે રાખવાની તૈયારી બતાવવા બદલ અંક્લેશ્વર એકમના પ્રમુખશ્રી અને તેમની ટીમના સભ્યોની કામગીરીને બિરદાવી અને તેમનો સૌનો આભાર માન્યો સાથે મહામંડળના તમામ હોદ્દેદારો અને સમાજ સુરક્ષા યોજનાના સભ્યોનો પન આ તબ્બકે આભાર વ્યક્ત કર્યો અને શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાની સામાન્ય સભાના ખર્ચ પેટે ૫૦૦૦ રૂપિયા નુ દાન અંક્લેશ્વર એકમને આપવાની જાહેરાત કરી અને આજની આ સમાજ સુરક્ષાની સામાન્ય સભાને પુર્ણ કરી.

* જય પંચોલી સમાજ *

વિતાવવો.

(૧૧) નવેમ્બર : (અ) ઈનડોર ગેઈમનું આયોજન (દા.ત. કોથળાદોડ, લૉટ પૈસો, લીંબુ ચમચી, મેમરી ગેઈમ, સંગીત ખુરશી વિગેરે.)

(બ) દિવાળી નિમિત્તે વિવિધ લાઈટીંગ દિવડા રંગોળીની સજાવટ સાથે પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરવી.

(૧૨) ડિસેમ્બરઃ (અ) વિવિધ હોમમેડ કેક સ્પર્ધા.

(બ) એક દિવસીય પ્રવાસનું આયોજન કરવું.

**વિશેષ નોંધ :** ઉપર જણાવેલ દરેક સ્પધા તથા પ્રોજેક્ટના માર્કસ સાથે તમારા મંડળની કુલ સંખ્યા સાથે તમારી હાજર સંખ્યાની વિશેષ નોંધ લઇ માર્કસ આપવામાં આવશે. માટે આપ સર્વે હોદ્દેદાર બહેનોને વિનંતી છે કે આપના મંડળમાં સમાજની વધુમાં વધુ બહેનો જોડાઇને આપણે પંચોલી મહિલા સંગઠન ને વધુ ને વધુ મજબૂત બનાવી પંચોલી સમાજને પ્રગતિને પંથે લઇ જવા માટે આપણું શ્રેષ્ઠ યોગદાન આપીએ તે જ અભ્યર્થના.

***

## સમાજનું ગૌરવ



પ્રિશા પંચોલી

બરોડા હાઇસ્કૂલની સ્પોર્ટ્સ કેપ્ટન પ્રિશા પંચોલી રાષ્ટ્રીય સ્વિમિંગ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. તેર વર્ષની પ્રિશા પંચોલીએ તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલી ૬૯મી રાષ્ટ્રીય શાળા રમતોમાં અંડર–૧૪ શ્રેણીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રિશાએ સ્પર્ધાત્મક સ્વિમિંગમાં અસાધારણ સમર્પણ અને સાતત્ય દર્શાવ્યું છે. રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ માટે ક્વોલિફાય થયા પહેલા, તેણીએ રાજ્ય સ્તરની સ્વિમિંગ સ્પર્ધાઓમાં ૩૨ મેડલ જીત્યા હતા, જે તેણીની સખત મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેના જુસ્સાને પ્રતિબિંબિત કરે છે

તેણીની સફર શેર કરતા, તેના માતાપિતા દર્શિતા અને ધવલ પંચોલીએ જણાવ્યું કે શરૂઆતમાં તેઓએ તેણીને બેડમિન્ટન માટે પ્રોત્સાહિત કર્યા હોવા છતાં, પ્રિશાનો પાણી પ્રત્યેનો કુદરતી લગાવ અને સ્વિમિંગમાં રસ નાનપણથી જ સ્પષ્ટ થઈ ગયો. વર્ષોની સખત તાલીમ અને નિશ્ચય સાથે, તેણીએ રમતમાં સતત પ્રગતિ કરી.

પ્રિશાની સ્પર્ધાત્મક સફળતા ૨૦૨૨ માં શરૂ થઈ, જ્યારે તેણીએ ખેલ મહાકુંભમાં પોતાનો પહેલો મેડલ જીત્યો, જે તેની સતત સિદ્ધિઓની શરૂઆત હતી.

પ્રિશાના કોચ, વિવેક સિંહ બોરલિયા અને કૃષ્ણા પંડ્યાએ જણાવ્યું હતું કે, ‘‘પ્રિશા તેની તાલીમ અને આહાર પ્રત્યે ખૂબ જ સતર્ક છે. તેનું ધ્યાન અને નિશ્ચય તેને અલગ પાડે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભવિષ્યમાં સફળતા માટે તેણીને મજબૂત સંભાવના આપે છે.’’

બરોડા હાઇસ્કૂલ, અલકાપુરીના પ્રિન્સિપાલ વિક્રાંત મુસળેએ પોતાનો ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ‘‘પ્રિશા પંચોલી ફક્ત અમારી સ્પોર્ટ્સ કેપ્ટન જ નહીં, પણ એક નિષ્ઠાવાન અને અભ્યાસુ વિદ્યાર્થી પણ છે. તે તેના શૈક્ષણિક, રમતગમત અને અભ્યાસેતર પ્રવૃત્તિઓનું સંચાલન ખૂબ જ સારી રીતે કરે છે. ખરા અર્થમાં એક ઓલરાઉન્ડર, તેના સમર્પણ અને દ્દઢ નિશ્ચયે સમગ્ર શાળાને ગૌરવ અપાવ્યું છે. અમે તેની સતત સફળતાની ઈચ્છા રાખીએ છીએ કારણ કે તે ચમકતી રહે છે અને વધુ ગૌરવ તરફ તરી રહી છે.’’

# પંચોલી સમાજ પાવી-જેતપુર એકમ મિટીંગ અંગે...

– આજરોજ પાવી–જેતપુર પંચોલી એકમની મિટીંગ જેતપુર–પાવી એકમના સહમંત્રી શ્રી કનુભાઇ પંચોલીને ત્યાં તા. ૧૦–૧૧–૨૦૨૫ ને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભરવામાં આવી.

– આજની સભાનું પ્રમુખ સ્થાન અરવિંદભાઇ પરસોત્તમદાસને આપવામાં આવ્યું. જેને સૌ સભ્યોએ સહર્ષ સ્વીકાર કર્યો અને સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

– આજની સભા તા. ૦૦–૦૦–૦૦૦૦ રોજ ભરાયેલ મિટીંગની કાર્યવાહીનું વાચન કરવામાં આવ્યું. જેને આજની સભાએ સર્વાનુમતે બહાલી આપી છે.

**આજરોજની સભામાં પંચોલી એકમ પાવી–જેતપુરના પ્રમુખ તથા સભ્યો અવસાન પામેલ છે. જે નીચે પ્રમાણે છે.**

**પંચોલી ગણપતભાઇ ભુરાભાઇ - પંચોલી લલીતાબેન ચીમનલાલ - પંચોલી કાંતીલાલ મોતીલાલ**
**પંચોલી નટવરલાલ ગોરધનભાઇના સુપુત્ર અને હાલ રહેવાસી ભરૂચના શ્રી રાકેશભાઇ પંચોલી**

– ઉપરોક્ત ચાર પાવી જેતપુરના રહીશશ્રીઓ ગત મિટીંગ બાદ અવસાન પામેલ હોવાથી તેમની આત્માને શાંતિ મળે તે માટે આજની સભામાં બે મીનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.

– ગત મિટીંગ બાદ થયેલ આવક જાવકના હિસાબોનું વાચન સહમંત્રી દ્વારા કરવામાં આવ્યું. જેને આજની સભા સર્વાનુમતે બહાલી આપે છે. હાલમાં હાથ ઉપર શિલક રૂા. ૫૦,૦૩૧/– ની છે. જે સર્વને જાણ કરવામાં આવી.

– સને ૨૦૨૪ તથા ૨૦૨૫ના વર્ષ માટેનો જે ફાળો તથા નવયુગ ફાળો આપવામાં માટે સહમંત્રી દ્વારા કરવામાં આવ્યો જેમાં મંત્રીશ્રી તથા તમામ સભ્યોએ આગામી મિટીંગમાં ફાળો આપવા માટે જણાવ્યું.

**આજરોજની સભામાં એકમના નીચે પ્રમાણેના સભ્યોની વરણી કરવામાં આવી છે.**

| પ્રમુખશ્રી | મંત્રીશ્રી | ઉપપ્રમુખશ્રી |
| --- | --- | --- |
| **અરવિંદભાઇ પરસોત્તમદાસ** | **કનુભાઇ હિંમતલાલ** | **નિમેશકુમાર શંકરલાલ** |
| **મો. ૯૦૯૯૦ ૭૭૧૦૬** | **મો. ૯૪૨૭૫ ૩૮૬૩૫** | **મો. ૯૪૨૯૨ ૫૭૯૦૩** |

ઉપર પ્રમાણેની વર્ણી આજની સભામાં સર્વાનુમતે કરવામાં આવી છે.

– આગામી મિટીંગ પ્રમુખશ્રી અરવિંદભાઇ ને ત્યાં રાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. અંતમાં તમામ હાજર ભાઇ–બહેનોને નાસ્તો તથા સરબતનું આયોજન કનુભાઇ દ્વારા કરવામાં આવ્યું અને બધા છુટા પડયા.

---

**ભાગમાં ખીલ્યું ફૂલ**



**Ch. Savya Gajjar**
**D.O.B. : 28/02/2025**

**તેજસ્વી તારલા**



**પંચોલી આર્યન શિરીષકુમાર**
**12th SCIENCE (CBSE) 83%**

# શ્રી પંચોલી પંચ બીલીમોરા એકમ

## વાર્ષિક સ્નેહમિલનનો અહેવાલ

નવા વર્ષનું પહેલું સ્નેહમિલન ૪ થી જાન્યુઆરી ૨૦૨૬ ને રવિવારના રોજ સોમનાથ મંદિરના પવિત્ર પટાંગણમાં, રામીબેન આમલિયન હોલમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

ઈસવી સનના નવા વર્ષમાં સૌ એકબીજાને મળવા આતુર હતાં. તેથી બહોળી સંખ્યામાં એકમના સર્વે સભ્યો અને બાળકો હાજર હતાં. આવા સ્નેહમિલનનો મુખ્ય ઉદ્દેશ જ એ હતો કે સૌ ભેગાં મળી, આનંદ પ્રમોદ કરે. તે સાથે બાળકોનું કૌશલ્ય બહાર પડે.

કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ વર્ષ દરમિયાન જ્ઞાતિ, સમાજ અને દેશમાં દિવંગત પામેલાં આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ સમાજના વડીલોનું ફુલમાળા અને સન્માનપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ સભ્યોએ પોતાની યુવાનીના દિવસોને યાદ કરી આજની કારોબારને સુંદર આયોજન કરવા બદલ આશીર્વાદ આપ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતથી જ બાળકો વિવિધ સ્પર્ધા માટે ઉત્સુક હતાં. તેથી તેમની જ્ઞાનેન્દ્રિયો, યાદશક્તિ અને ઝડપની કસોટી થાય તેમજ તેમને રમૂજ પણ મળે એવી વિવિધ સ્પર્ધાઓનું વય જૂથ પ્રમાણે આયોજન કરવામાં આવ્યું હતું. સૌ બાળકોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. વિજેતા બાળકોને પારિતોષિક અને બીજા બાળકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યાં હતાં.

